શ્રી રોકડીઆ હનુમાનજી

ની સ્તુતી ને આરતી અને આખ્યાન



[illegible] નો ઉપયોગ
[illegible] છાપખાનામાં [illegible]
મુંબઈ
[illegible] આવૃત્તિ [illegible]
[illegible]
[illegible] કર્યું છે.
[illegible]
[illegible]
કીમત ૧ આનો.

શ્રી

રોકડીઆહનુમાનજીની

સ્તુતી ને આરતી અને ગાયન.



અને વિકટોરિયા રાણી સરકાર નો ઉપકાર
તથા પોલીસ કમીશ્નર મી૦ વીનસેંટનો આભાર

મુંબઈ

આપ્રુક શને ૧૮૪૭ ના ૨૦ મા આકટ તથા
સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ પ્રમાણે
રજીષ્ટર કરયું છે.

પડનાર હનમાનજીના સેવક
છાપનાર દેવનો ભકત.

કીમત ૩ આના.

શ્રી.

આએ બુક શામટીલેનાર ધણીએ આઠ દીવશ આગાઊ ખબર આપવી તેને કીફાયત ભાવે આપવામા આવશે.

ઠેકાણુ મારકીટના નાકાઊપર રેકડીઆ હનમાનજીના મંદીરમા મળવુ.



રેકડીઆ હનમાનજીની સ્તુતિ.

શ્રી (ક્ષત્રીકલંકકેમ લેશેરે) એરાગ

ધન્ય રેકડીઆ હનમાન દીપાતમેકીધી ઘણીરે. ૦
સરવે મનુષ્ય આપેછે માન. દીપા. ટેક. ૦
મુંબઇ શહેરમાં આપ પ્રખ્યાત. દીપા. ૦ ૦
આખી જગતમાંહીો સાક્ષાત. દીપા. ધન્ય. ૧
હુલડવખતમાં નાખ્યા કોઇ. દીપા. ૦ ૦
સરવે જાયછે તમને જોઇ. દીપા. ધન્ય. ૨
હનમાન ગલીને નાકેસ્થાન. દીપા. ૦ ૦
સરવે આપે જેજેકારનાં માન. દીપા. ધન્ય. ૩
પેલું હુલડ થયુંતુ ત્યાંય. દીપા. ૦ ૦
ત્યારે સત્યબતાવ્યું પુરમાય. દીપા. ધન્ય. ૪
સહુ માને તમારો ઉપકાર. દીપા. ૦ ૦
ખરૂ પરાક્રમ દેખાડ્યું આવાર. દીપા. ધન્ય. ૫
સદા બીરાજો મારકીટ ચોક. દીપા. ૦ ૦
સરવે ભાવધરી આવેહિંદુલોક. દીપા. ધન્ય. ૬
સંવત ઓગણીસેં ઓગણપચાસ. દીપા. ૦ ૦

શ્રાવણ વદ નોમ્યને સોમેખાસ. ફીપા. ધન્ય. ૭
આવે સેવકો ટોળાં મળીત્યાંય. ફીપા. ૦ ૦
મુખે ગોવીંદા ગોપાળાની છાંય. ફીપા. ધન્ય. ૮
સાથે હતા કમીશ્નર સાબ. ફીપા. ૦ ૦
વળી ઘોડેસ્વારો નાભેલાદાબ ફીપા. ધન્ય. ૯
તેને માન આપે સરવે જંન. ફીપા. ૦ ૦
એને દીધાં તમે તરત દરશંન. ફીપા. ધન્ય. ૧૦
જેવું નામ ધરાવ્યુ ઠામોઠામ. ફીપા. ૦ ૦
તેવી કીરતી ફેલાણી ગામોગામ. ફીપા. ધન્ય. ૧૧
આંહીથી લખાણો ગયાછે ત્યાંય. ફીપા. ૦ ૦
વિલાયતની પારલામેંટ માંય. ફીપા. ધન્ય. ૧૨

સંપુર્ણ

વિકટોરિયા રાણી સરકાર ને ઉપકાર -

શ્રી (ક્ષત્રીકલંક રાગ ઉપરપ્રમાણે.

ખંમાં ખંમાં રાણીસરકારકેરાજ તારૂ અમર રહોરે.
તેતો રાખીલાજ સરવેની આવાર. કે. રાજ.ટેક.૦

મોટા વિચારવંત છે તું બાઇ. કે. રાજ. ૦ ૦
કુલવમાં તેં કીધી ચતુરાઇ. કે. રાજ. ખંમાં. ૧
આ જુગમાં તપોતારે તાજ. કે. રાજ. ૦ ૦
તેં તો મહેનત કીધી રયતને કાંજ. કે. રાજ. ખં. ૨
સરવે જનોનેછે તુંજ છાંય. કે. રાજ. ૦ ૦
તારીકીરતી ફેલાણી પ્રથ્વીમાંય. કે. રાજ. ખંમાં. ૩
તને માન સુમાન અપે લોક. કે. રાજ. ૦ ૦
શકિનો મટાડ્યો ઉદાસી ભય શોક. કે. રાજ. ખં. ૪
ધન દોલત ને પુત્ર પરીવાર. કે. રાજ. ૦ ૦
સહુ માને તારો મોટો ઉપકાર. કે. રાજ. ખંમાં. ૫
તને શાબાશછે રાણી સરકાર. કે. રાજ. ૦ ૦
સરવે માને તારો વિશેષ આભાર. કે. રાજ. ખંમાં. ૬
તારૂં ચંદ્ર સમાન તપે તેજ. કે. રાજ. ૦ ૦
જાણે અજવાળી પુનમનો એજ. કે. રાજ. ખંમાં. ૭
તું તો નિરદોષ છે સદાકાળ. કે. રાજ. ૦ ૦
થતી મટાડી તે દુનિયાની ઝાળ. કે. રાજ. ખંમાં. ૮
સરવે માગે પ્રભુ પાસે એમ. કે. રાજ. ૦ ૦
વિકટોરિયાની આદી રહો એમ. કે. રાજ. ખંમાં. ૯

આવી ખબર સાંભળી આવાર. કે. રાજ. ૦ ૦
ત્યાંથી આવ્યા તારા મુકેલા તાર. કે. રાજ. ખંમાં. ૧૦
ધન્ય બ્રિટિશ અદલી ન્યાય. કે. રાજ. ૦ ૦
સરવે મળી તારા ગુણ ગાવા આય. કે. રાજ. ખંમાં. ૧૧
તારીખ વીસમી જુન માસ માંય. કે. રાજ. ૦ ૦
સને અઢારસેં સાડત્રીસે ત્યાંય. કે. રાજ. ખંમાં. ૧૨
ઇંગ્લાંડ મધે લંડન શહેર માંય. કે. રાજ. ૦ ૦
રાણી સરકાર ગાદીએ બેઠાં ત્યાંય. કે. રાજ. ખંમાં. ૧૩
સને અઢારસેં અઠાવન માંય. કે. રાજ. ૦ ૦
ધરમ સંબંધી વચે પડવાની નાય. કે. રાજ. ખં. ૧૪
એવો ઢંઢેરો કાઢયો હતો ત્યાંય. કે. રાજ. ૦ ૦
પછી જાહેર કીધું સઘળા શહેરો માંય. કે. રા. ખં. ૧૫
સને અઢારસેં સીતોતેર માંય. કે. રાજ. ૦ ૦
કૈશરેહિંદ પદ ધારણ કીધું ત્યાંય. કે. રાજ. ખં. ૧૬
પ્રભુ સુખમાં રાખો સદાય. કે. રાજ. ૦ ૦
વિકટોરિયાને પારલા મેંટ માય. કે. રાજ. ખં ૧૭

સંપૂર્ણ.

જોડનાર રોકડીઆના આશ્રા કારીક.
હનુમાનજી ની કીપાથી બનાવ્યુંછે
બોલો શ્રી બજરંગ વીરની જે.

રોકડીઆ હનુમાનજી ની આરતી.

શ્રી (રાગ ઢોલ.)

શ્રી રોકડીઆ હનુમાનજી ની આરતી. ૦ ૦ ૦
રોજ થાયછે ટાઇમ ઉપર. રે. રોક. ટેક. ૦
તેવખતે સરવે સેવકુ આવેછે. ૦ ૦ ૦
હાથ જોડી સહુ ઉભેછે ત્યાંય. રે. રોક. રોજ. ૧
એવી સેવા અસલ થકી થાયછે. ૦ ૦ ૦
આશરે વરસો થયાં હોઇસોય. રે. રોક. રોજ. ૨
શનીવારે ત્યાં મોટી શોભા થાયછે. ૦ ૦ ૦
ઢોલ સરણાયો. વાગેછે ત્યાંય. રે. રોક રોજ. ૩
એવી રચના સદાય ત્યાં થાયછે. ૦ ૦ ૦
ત્યારે ભગતુ આવેછે ઘણાય. રે. રોક. રોજ. ૪
જે જે કારના શબ્દો બોલાયછે. ૦ ૦ ૦
સેવકુ મુખથી નીકળેછે વાણ્ય. રે. રોક. રોજ. ૫

વાજંઉં સાથે ત્યાં આરતી થાયછે. ૦ ૦ ૦
ભગતિનાં ગાયનો ગવાય. રે. રોજ. રોજ. ૬
સરવે ભગ્તુ ખુશી ઘણા થાયછે. ૦ ૦ ૦
જોઇ આરતી ધણીની ત્યાંય. રે. રોજ. રોજ. ૭
પાછળથી તો ગરબી ગવાય છે. ૦ ૦ ૦
શરણાયોમાં ઊભીને ત્યાંય. રે. રોજ. રોજ. ૮
આરતી વખતે મંડું તીયાં વાગેછે. ૦ ૦ ૦
ભેળા ઝાલરોના ઝણુણાટય. રે. રોજ. રોજ. ૯
સાથે નગરાં ત્યાં ઘણુંવગેછે. ૦ ૦ ૦
ભેળા ઢોલકરે વગુણાટય. રે. રોજ. રોજ. ૧૦
એવી આરતી ભલીભાતે થાયછે. ૦ ૦ ૦
શનીવારોના તેહવારો માંય. રે. રોજ. રોજ. ૦ ૧૧
ચઇત્ર શુદ. પુનમે આવેછે. ૦ ૦ ૦
ધણીનો જન્મ દીવસ હોવાથીય. રે. રોજ. રોજ ૧૨
ચઇત્ર વદ પાંચમ દીવસ આવેછે. ૦ ૦ ૦
તીયાં જાત્રા ભરાયછે સદાય. રે. રોજ. રોજ. ૧૩
વળી પાખી ત્યાંથી ફરવા જાયછે. ૦ ૦ ૦
ભોઇવાડાના મંદીરમાય. રે. રોજ. રોજ. ૧૪
ત્યાંથી ફરીને મારકીટનાકે આવેછે. ૦ ૦ ૦

કાલકાદેવીને રસ્તેથી ત્યાંય. રે. રોક. રોજ. ૧૫
વળી ભોઇશી બારગામની ન્યાતછે. ૦ ૦ ૦
પાલખી સાથે તેસેવકુ આવેય. રે. રોક.રોજ. ૧૬
બાળકો સહીત ભેળા ફરવા આવેછે. ૦ ૦ ૦
હનમાનજી ની પાલખી માય. રે. રોક. રોજ. ૧૭
સાથે પોલીસ ભેળી રહેછે. ૦ ૦ ૦
અમલદાર ના હુકમથી ત્યાંય. રે. રોક. રોજ. ૧૮
એવી ધુમથી તેદીવસ જાયછે. ૦ ૦ ૦
સરવે ભગ્તુ જોઇરાજી થાય. રે. રોક. રોજ. ૧૯
એવા ઓછવે મદદ આપેછે. ૦ ૦ ૦
મારકીટના સરવે હિંદુ શેઠય. રે. રોક. રોજ. ૨૦

સંપુર્ણ

પઠનાર રોકડીઆના સેવક.

વાંચનાર હનમાનજીના ભગ્તુ.

પોલીસ કમીશ્નર મી૦ વીનસેંટ ના ઉપકાર.

શ્રી. (ક્ષત્રીકલંક કેમલેશેર.) એરાગ.

જીવો પોલીસ કમીશ્નર સરદાર
ખબર તરત લીધી તમેરે.

આવી પહોચ્યા તમે થઇને તઇયાર. ખબર. ટેક. ૦
હુલડ વખતમાં નવું કોઇ ત્યાંય. ખબર. ૦ ૦
જલદી પુગા તમે પાંચ મિનીટ માય. ખબર. જી ૦ ૧
એનું લશ્કર લઇને સાથ. ખબર. ૦ ૦
જોડે હથીયારો લીધેલાં હાથ. ખબર. જીવો. ૨
એમ આવ્યા પેલા મારકીટ માંય. ખબર. ૦ ૦
શરવેજનોની વ્હાર કરવા ત્યાંય. ખબર. જીવો. ૩
શહુ અરજ કરે તમારી પાસ. ખબર. ૦ ૦
તેનીપુરી પાડી આપી આશ. ખબર. જીવો. ૪
આપથયા મુંબઈ શાહેરમાં પ્રખ્યાત. ખબર. ૦ ૦
આસીષ દીએ સહુ દીનને રાત. ખબર. જીવો. ૫
ગરીબ લોકોની સુણીને લીધી દાદ. ખબર. ૦ ૦
બંધકર્યે થિતા સરવે નોવિવાદ. ખબર. જીવો. ૬
તેનો જસ મળ્યો ઠામોઠામ. ખબર. ૦ ૦
એવી રઇયતની પુરીકીધીહામ. ખબર. જીવો. ૭
આવી પદવી પામ્યાસુખ દાય. ખબર. ૦ ૦
અખંડ રહો બાદી તમારી સદાય. ખબર. જીવો. ૮
એવા પુરૂષ થયા નથી કોઇ. ખબર. ૦ ૦

કીરતી ફેલાવી તે નજરે જોઈ. ખબર. જીવો. ૯
જેનું નામ ધરાવ્યું વીનસેંટ. ખબર. ૦ ૦
સઉએ આપી તમને ફુલનુરાનીભેંટ. ખબર.જી.૧૦
પછી થયા તમે ઘોડેસ્વાર. ખબર. ૦ ૦
તયારે આપ્યા સહુએ ફુલડાના હાર. ખબર.જી. ૧૧
અમર રહો તમે વરસો હજાર. ખબર. ૦ ૦
સલાહકીધી આખા શહેરમાં સરકાર. ખ. જી. ૧૨

સંપુર્ણ.

હનમાનજીની સેવાનુ ગાયન.

શ્રી. એએએએ રંગી૦ એરાગ.

એએએ બજરંગી. ટેક. ૦ ૦
હારહું કરીસ સરસ બેહેક બેહેક થતો. ૦ ૦ ૦
મઘમઘતો અતીસ્યે. ૦ ૦ ૦
ફુલ તાજા વીણીલાવું. એ એ. ૦ ૧
ફુલછે. ફુલ. અહી બેરંગી. ૦ ૦ ૦
તરેતરે રંગના મનગમતા. ૦ ૦ ૦
મોગરા ગુલાબ જાઈ જુઈ ચંબેલી. ૦ ૦ ૦
નવરંગો હાર બનાવું. એ એ. ૦ ૨

સંપુર્ણ.

શ્રી

આ ચોપડી વાંચનારાઓ સેઠીઆઓએ જોશી
શ્રી ૫ । દેવજી માધવજીના ચરણજીવભાઇ
જગંનાથ દેવજીના નમંનતાઇપૂરવક
યથાયોગ્ય વાંચજો.


સમાપ્ત.



શ્રી

આ ચોપડી વાંચનારાઓએ [illegible]
શ્રી ૫) [illegible]
[illegible] પૂર્વક
શુદ્ધોચ્ચાર વાંચવું.

સમાપ્ત



મુંબઈ—નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું.